# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-05-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CAMPAIGNING FOR 4 PHASE

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કામાં આવતીકાલે નવ રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં સમાવિષ્ટ ૯૬ લોકસભા બેઠક પર મતદાન થશે. જેમાં ઉત્તરપ્રદેશની 13 બેઠકો, મહારાષ્ટ્રની 11, મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળની 8-8, બિહારમાં 5, ઝારખંડ અને ઓડિશાની ચાર-ચાર અને જમ્મુ-કાશ્મીરની એક બેઠક પર મતદાન યોજાશે. મતદાન સવારે સાત વાગે શરૂ થશે, જે સાંજે 6 વાગ્યા સુધી ચાલશે.

# BJP OTHER STATE PRACHAR

લોકસભાની આગામી તબક્કામાં યોજાનારી ચૂંટણીના પ્રચારમાં રાજ્યના ભાજપના અગ્રણીઓ, હોદ્દેદારો અને કાર્યકર્તાઓ પણ પ્રચાર કરશે.

ભાજપના પ્રદેશ અગ્રણી હિતેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાંથી જુદા જુદા રાજ્યોમાં અગ્રણીઓને પ્રચાર માટે જવાની કામગીરી સોંપવામાં આવી છે. દિલ્હી, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં જ્યાં આગામી તબક્કામાં મતદાન થવાનું છે ત્યાં તેઓ પ્રચાર કરવા જશે.

# AMBAJI MARBAL- GI TAG

અંબાજીના સફેદ મારબલને 'ઓફિસ ઓફ ધ કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ્સ, ડિઝાઇન્સ એન્ડ ટ્રેડમાર્ક્સ' દ્વારા GI સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. પ્રાચીન સમયથી ધાર્મિક સ્થાપત્ય માટે પ્રસિધ્ધ અહીંના સંગેમરમરે દેશવિદેશનાં સુપ્રસિધ્ધ મંદિરોની દિવ્યતા અને ભવ્યતામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યભરમાં આ સંગેમરમર એટલે કે માર્બલની ખાણો માત્ર શક્તિપીઠ અંબાજીમાં જ આવેલી છે. બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના પ્રસિધ્ધ ધાર્મિક સ્થળ અંબાજીની આસપાસ આવેલી 30થી

વધુ ખાણોમાંથી સફેદ સંગેમરમરનો પથ્થર નીકળે છે. અહીંનાં સફેદ માર્બલની વિશેષતા એ છે કે તે અત્યંત મજબૂત હોય છે અને કેલ્શિયમની ભરપૂર માત્રા ધરાવે છે. અંબાજી પંથકમાં એવું માનવામાં આવે છે કે આ માર્બલની ખાણો 1000થી 1200 વર્ષ જુની છે અને આજે પણ ધરતીના પેટાળમાં સંગેમરમર પથ્થરનો ખજાનો ધરબાયેલો પડ્યો છે.

માત્ર ગુજરાત કે દેશ જ નહિ પણ વિદેશોમાં પણ અંબાજીના આ માર્બલની ભારે માંગ છે. હાલ દિલ્લી ખાતે નિર્માણાધિન અમેરિકન એમ્બેસીમાં સંપૂર્ણપણે અંબાજીનાં સફેદ મારબલનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

# MOTHER'S DAY

સમગ્ર વિશ્વમાં આજે માતૃદિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. દર વર્ષે મે મહિનાના બીજા રવિવારે ઉજવાતો માતૃ દિવસ માતા પ્રત્યેનો અહોભાવ અને ઋણ અદા કરવાનો દિવસ છે. આજના દિવસે બાળકો તેમની માતાઓને ફૂલ, કાર્ડસ કે પછી અન્ય કોઇ ભેટ સોગાદ આપીને માતા પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરે છે.

આજે પંચમહાલના ગોધરામાં આવેલા એલોહિમ મેથોડિસ્ટ ચર્ચમાં ખ્રિસ્તી સમાજ દ્વારા માતૃ દિવસની ઉજવણીના ભાગરૂપે પોતાની માતાઓને ગુલાબનું ફૂલ આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, માતૃદિવસ સૌપ્રથમ 1908માં અમેરિકામાં ઉજવવામાં આવ્યો હતો.

# WEATHER

રાજ્યભરમાં ગઇકાલે મહત્તમ તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસથી ઓછું રહ્યું હતું, ત્યારે આજે રાજ્યનાં કેટલાંક વિસ્તારોમાં ભારે ગરમીમાંથી રાહત મળવાનાં સમાચાર છે. હવામાન વિભાગે આજે દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ,

નવસારી, વલસાડ અને દમણ, દાદરાનગર હવેલી સહિતનાં જિલ્લાઓમાં છૂટાછવાયા અને હળવા વરસાદની આગાહી વ્યક્ત કરી છે. એક તરફ રાજ્યમાં અતિશય ગરમી પડી રહી છે. તેવામાં હવામાન વિભાગે રાજ્યમાં આગામી સાત દિવસ વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યમાં પવનની ગતિ 40થી 50 કિમી પ્રતિક કલાકની રહેશે. શનિવારે અમદાવાદ 41.6 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું, જ્યારે સુરેન્દ્રનગરમાં 41.5 ડિગ્રી, રાજકોટમાં 41.3 ડિગ્રી, ભૂજ અને મહુવામાં મહત્તમ તાપમાન 38.4 ડિગ્રી નોંધાયું હતું.

હવામાન વિભાગે આજે મધ્ય ગુજરાતના છ જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી કરી છે. વડોદરા, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ, મહીસાગર અને નર્મદામાં છુટાછવાયા વરસાદનું અનુમાન છે.

હવામાન વિભાગે આજે દક્ષિણ ગુજરાતના પાંચ જિલ્લામાં માવઠાની આશંકા વ્યક્ત કરી છે. સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.. આ ઉપરાંત સંઘ પ્રદેશ દમણ અને દાદરાનગર હવેલીમાં પણ કમોસમી વરસાદનુ અનુમાન છે.

# SAPUTARA PRAVASI BHEED

ગિરિમથક સાપુતારામાં સપ્તાહના અંતમાં પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં કાળઝાળ ગરમીની વચ્ચે પર્વતીય સ્થળ સાપુતારામાં ઠંડકનો અનુભવ થતો હોવાથી પ્રવાસીઓ અહીં આવવાનું પસંદ કરી રહ્યા છે. રાજ્યની સાથે સાથે અન્ય રાજ્યના પ્રવાસીઓ પણ અહીંના મનમોહક નજારાને માણવા આવી રહ્યા છે.

# GADH GIRNAR PROGRAM

ગિરનાર ઉપર લખાયેલા ગીતો તેમજ તેની ઐતિહાસિક વિરાસતની ગાથા રજૂ કરતા ગીતો- કવિતા પઠનનો કાર્યક્રમ “ગઢ જૂનો ગિરનાર” જૂનાગઢમાં યોજાયો હતો. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ તેમજ સંગીત નાટ્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ઉભરતા તેમજ પીઢ કલાકારોએ વિસરાતી જતી ગીરીવર ગિરનારની 15 જેટલી કૃતિઓનું પઠન કર્યું હતું.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ  અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ એડી ને ફોલો કરી શકશો..